eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 93
March 9, 2007

## તા.૨૮–૨–૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો છઠ્ઠો આંતરશાળા રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો છઠ્ઠો આંતરશાળા રમતોત્સવ તા.૨૮–૦૨–૨૦૦૭ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ મા.મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ્દ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત એ માનનીય મેયરશ્રી તેમજ અન્ય મહાનુભાવોનું આવકાર પ્રવચન સાથે સ્વાગત કર્યુ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૩–૩–૨૦૦૭ના રોજ એસ.જે.એસ.આર.વાય. હેઠળ ધંધા રોજગાર માટેનો લોન ચેક વિતરણ સમારંભ

સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ ધ્વારા કેન્દ્ર પુરસ્કૃત સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ શહેરી ગરીબ પરિવારોને ધંધા રોજગાર માટે લોન સહાય અંગે 'ચેક વિતરણ કાર્યક્રમ' ગુજરાત રાજયના પાણી પુરવઠા જળ સંપત્તિ, મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલના વરદહસ્તે તેમજ સુરત મહાનગરપાલિકાના મા. મેયર ડો. કનુભાઈ માવાણીના પ્રમુખપદે શનિવાર, તા. ૩–૩–૨૦૦૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના 'સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ'માં યોજવામાં આવેલ હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૫–૩–૨૦૦૭ના રોજ કતારગામ અને વરાછા વિસ્તારમાં સ્વીમીંગપુલની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ તેમજ વરાછા ઝોન વિસ્તારમાં સ્વીમીંગપુલની ખાતમુહૂર્તવિધિ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૦૫–૦૩–૨૦૦૭નાં રોજ સંપન્ન થયેલ. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાથમિક માળખાગત સુવિધાઓ ઉભી કરવા સાથે અન્ય સુવિધાઓ જેવી કે માધ્યમિક શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આનંદ અને પ્રમોદ મનોરંજનના ક્ષેત્રે સામાન્ય પ્રજાની વિશેષ અભિરૂચી થાય અને આ સવલતનો લાભ મહત્તમ પ્રજા લે અને આ ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુરત શહેરનું નામ ઉજજવળ કરશે તો આ સુવિધાઓ સાર્થક ગણાશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૬ થી ૮–૩–૨૦૦૭ દરમ્યાન મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

તા.૬.૩.૨૦૦૭ થી તા.૮.૩.૨૦૦૭, દિન–૩ ની મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા. ૬–૩–૨૦૦૭ના રોજ સવારે ૮.૦૦ કલાકે મા.મેયર ડો. કનુભાઈ માવાણીએ ટોસ ઉછાળી ક્રિકેટ મેચનો શુભારંભ કરાવ્યો હતો. પ્રથમ મેચમાં પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ નિર્ધારિત ૨૫ ઓવરમાં ૮ વિકેટે ૧૬૩ રન કર્યા હતા. જેમાં રિતેશ પટેલે–૫૮ રન, નિર્ભય કાપડીયાએ–૨૨ રન મુખ્ય રહયા હતા.



વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૭–૩–૨૦૦૭ના રોજ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

નિર્મળ ગુજરાત–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. તા. ૭–૩–૨૦૦૭ના રોજ ઝોનના વડા ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને નવા સમાવેશ અમરોલી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૭–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં.૨૪ (નાનપુરા–ટીમલીયાવાડ–રૂદરપુરા) વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન

ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૭–૩–૨૦૦૭ને બુધવારના રોજ " નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત " ના કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ અભિયાનનું આયોજન સ્થાનિક કાર્યકર શ્રી અફઝલભાઈ રંગુનીના સહયોગથી નાનપુરા ખંડેરાવપુરા, કાદરશાની નાળ, વ્હાઈટ હાઉસ રોડ વિગેરે વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અફઝલભાઈ રંગુનીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.



વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ફેબ્રુઆરી–૨૦૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ



સ્મીમેર હોસ્પીટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૦૬૩૪ ઈન્ડોર તથા ૩૩૫૮૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૧૨ તથા ૫૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૩૨૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૬૧ અને જુના ૫૧૩ દર્દીઓ સહીત કુલ ૭૭૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૬૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૬ થી ૮–૩–૨૦૦૭ દરમ્યાન મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કમિશ્નરશ્રી ટીમ ચેમ્પીયન તથા પત્રકાર સંઘ ટીમ રનર્સ અપ

તા.૬.૩.૨૦૦૭ થી તા.૮.૩.૨૦૦૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ. તા.૮.૩.૨૦૦૭ ના રોજ ફાયનલ મેચ સવારે ૮.૦૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ટીમ અને કમિશ્નરશ્રીની ટીમ વચ્ચે યોજાઈ હતી. ડે.મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલે ટોસ ઉછાળી મેચનો શુભારંભ કરાવ્યો હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૮–૨–૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો છઠ્ઠો આંતરશાળા રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો છઠ્ઠો આંતરશાળા રમતોત્સવ તા.૨૮–૦૨–૨૦૦૭ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ મા.મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીના વરદ્ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત એ માનનીય મેયરશ્રી તેમજ અન્ય મહાનુભાવોનું આવકાર પ્રવચન સાથે સ્વાગત કર્યુ હતું. આ રમતોત્સવ પ્રસંગે શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષનાં નેતા શ્રી યોગેશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ છાયાબેન ભુવા, લાઈટ એન્ડ ફાયર સમિતિનાં ચેરમેન શ્રી પ્રવિણભાઈ માળી, મ્યુનિ.સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રીમતિ રાજુલબેન, વેસ્ટઝોનના ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલા, ઝોનલ ઓફિસરશ્રી ડી.સી.ગાંધી, પર્સોનેલ ઓફિસરશ્રી(મહેકમ) બંકિમભાઈ દેસાઈ તથા અન્ય સ્ટાફ તેમજ સુમન શાળાઓના ઈન્ચાર્જ આચાર્યો તથા શિક્ષકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ગરીબ અને મધ્યમ વર્ગનાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે અને બાળમજુરી તરફ ન વળે તેવા શુભ આશયથી સુરત મહાનગરપાલિકા માધ્યમિક શિક્ષણ આપવાની ફરજ ન હોવા છતાં અને બી.પી.એમ.સી. એકટમાં જોગવાઈ ન હોવા છતાં પણ માધ્યમિક શિક્ષણ આપવાની જવાબદારી નિભાવી રહેલ છે. તેઓએ જણાવ્યું હતું કે, તમામ સુમન હાઈસ્કૂલોમાં શિક્ષણનું સ્તર ઘણું ઉંચુ જોવા મળે છે, તેમજ ધોરણ–૧૦ નું છેલ્લાં વર્ષનું પરિણામ શહેરની નામાંકિત સ્કૂલોની સરખામણીમાં ખૂબ જ સારૂં અને સંતોષકારક રહેવા પામેલ છે. તેમજ તેઓએ સુમન હાઈસ્કૂલોનાં વિદ્યાર્થીઓએ રાજયકક્ષાએ તથા રાષ્ટ્રિય કક્ષાએ મેળવેલ સિધ્ધીની પ્રશંસા કરી તેઓ હજુ પણ આગળ પ્રગતિ કરી સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરે તેવી અપીલ કરી હતી. તેજ પ્રમાણે વિરોધ પક્ષનાં નેતા શ્રી બાબુભાઈ કાપડીયાએ પણ શાસકપક્ષના નેતાના સૂરમાં સૂર પુરાવી જણાવ્યું હતું કે, સુમન હાઈસ્કૂલનાં ધોરણ–૧૦ નું પરિણામ અન્ય શાળાઓની સરખામણીમાં ઘણું જ સારૂં મળેલ છે. તેજ પ્રમાણે ધોરણ–૮ અને ૯ નું પરિણામ પણ ઉંચુ આવે તેવા પ્રયત્નો કરવા શિક્ષકોને ખાસ અનુરોધ કર્યો હતો. તેઓએ શિક્ષણની સાથે સાથે રમતગમતમાં પણ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ થઈ રાષ્ટ્રિય કક્ષાએ તથા આંતર રાષ્ટ્રિય કક્ષાએ પહોંચે તેવી શુભેચ્છા પાઠવી બાળકોને શિક્ષણ તથા રમતગમત સાથે શિસ્ત માટે પણ ભાર મૂકયો હતો.



માનનીય મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીએ દિપ પ્રાગટય કરી પોતાનાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકો ધોરણ–૭ પછી ધોરણ–૮ નાં પ્રવેશથી વંચિત ન રહે અને શિક્ષણમાં આગળ વધે તેવા શુભ આશયથી સુરત મહાનગરપાલિકાએ સુમન હાઈસ્કુલો શરૂ કરેલ, તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે. ધોરણ–૧૦ માં શહેરની નામાંકિત શાળાઓ કરતાં પણ ખુબ સારૂં પરિણામ લાવવા બદલ બાળકો તથા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા. વધુમાં તેઓએ બાળકોમાં રહેલી નૈસર્ગિક શકિતને બહાર લાવવા તથા વિકસાવવા શિક્ષકગણને અનુરોધ કર્યો હતો. સાથોસાથ તેઓએ નિખાલસપણે પોતાનાં જીવનમાં કરેલ ધ્યેયો સાર્થક કરવા જે મહેનત કરેલ તેની આપવીતી જણાવી દરેક બાળકોને ચોકકસ ધ્યેય સાથે શિક્ષણ, રમત–ગમત તેમજ અન્ય ક્ષેત્રોમાં પણ આગળ વધી આઈ.એ.એસ., આઈ.પી.એસ. કેડરમાં પણ જઈ શકાય તેવી મહેનત કરવા જણાવ્યું હતું. તેમજ જીવનમાં પ્રમાણિકતા, પારદર્શકતા લાવવા તથા પસીના વગરનો પૈસો ઘરમાં ન આવે તેવી પ્રમાણિકતા દાખવવા સંકલ્પ કરવા પર વિશેષ ભાર મૂકયો હતો. અંતમાં તેઓએ આ રમતોત્સવ દરમ્યાન તમામ સ્પર્ધકોને રમત–ગમત ખેલદિલીપૂર્વક રમવા જણાવ્યું હતું તથા તમામ શિક્ષકગણને શિક્ષણ સાથે અન્ય સ્તરે પણ બાળકોને આગળ લાવવા મહેનત કરવા અને જરૂર પડયે રોજેરોજ વધુ સમય આપી પ્રયાસો કરવા જણાવી રમતોત્સવમાં વિજેતા અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ આંતર રમતોત્સવમાં ભાઈઓ તથા બહેનોની ૧૦૦, ૨૦૦ મીટર દોડ લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક, કબડ્ડી, ખો–ખો તથા વોલીબોલ વિગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કુલ–૪૧૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. તે પૈકી વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને તથા રાજય, રાષ્ટ્રિય કક્ષાએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ સુમન હાઈસ્કૂલોનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને માન.ડેપ્યુટી મેયર શ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન શ્રી છાયાબેન ભુવા તથા મ્યુનિ.સદસ્ય શ્રી મંજુલાબેન સાવલિયા તથા અધિકારીશ્રીઓ તરફથી ટ્રોફીઓ/રોકડ ઈનામો એનાયત કરવામાં આવેલ. વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા સુમન હાઈસ્કૂલોનાં નામોનું લીસ્ટ આ સાથે સામેલ છે.

આંતરશાળા રમતોત્સવ દરમ્યાન શ્રીમતિ એસ.એચ.ગજેરા મા.શાળાના શિક્ષક શ્રી દશરથભાઈ વાઘેલા, શ્રી આઈ.જી. દેસાઈ હાઈસ્કુલનાં શિક્ષક શ્રી નિલેશભાઈ પટેલ, વી.એન.ગોધાણી શાળાનાં

શિક્ષક શ્રી કલ્પનાબેન ચૌધરી તથા સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનનાં કર્મચારી શ્રીમતિ સ્મૃતિબેન ડી. પટેલ એ નિર્ણાયક તરીકે તથા એનાઉન્સર તરીકે સેનેટરી ઈન્સ્પેકટર શ્રી મોહમદ ઈકબાલ શેખે ખૂબ સારી સેવા આપેલ છે.

સમગ્ર આંતર રમતોત્સવ સ્પર્ધાનું સફળ આયોજન સુમન હાઈસ્કુલ સેલ તરફથી કરવામાં આવેલ હતું.

(૧) : સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ શાળાની યાદી : તા.૨૮/૦૨/૨૦૦૭


| ક્રમ | શાળાનું નામ | ટ્રોફી / મેડલની સંખ્યા. |
|---|---|---|
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | ૦૯ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | ૦૭ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૪ (અડાજણ) | ૦૬ |

(૨) :: શાળાએ મેળવેલ કુલ મેડલ ::

| ક્રમ | શાળાનું નામ | મેળવેલ મેડલ | | કુલ |
|---|---|---|---|---|
| | | એથ્લેટીકસ | સામુહિક રમત | |
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ | ૦૮ | ૦૧ | ૦૯ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં. ૨ | ૦૧ | ૦૧ | ૦૨ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૩ | ૦૨ | ૦૫ | ૦૭ |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૪ | ૦૪ | ૦૨ | ૦૬ |
| (૫) | સુમન હાઈસ્કુલ નં.૫ | ૦૩ | ૦૧ | ૦૪ |
| (૬) | સુમન હાઈસ્કુલ નં.૬ | ૦૨ | —— | ૦૨ |
| (૭) | સુમન હાઈસ્કુલ નં.૭ | ૦૧ | —— | ૦૧ |
| (૮) | સુમન હાઈસ્કુલ નં.૮ | ૦૧ | —— | ૦૧ |
| (૯) | સુમન હાઈસ્કુલ નં.૯ | —— | —— | —— |
| | | ૨૨ | ૧૦ | ૩૨ |

TOP

## તા. ૩–૩–૨૦૦૭ના રોજ એસ.જે.એસ.આર.વાય. હેઠળ ધંધા રોજગાર માટેનો લોન ચેક વિતરણ સમારંભ



સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ ધ્વારા કેન્દ્ર પુરસ્કૃત સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ શહેરી ગરીબ પરિવારોને ધંધા રોજગાર માટે લોન સહાય અંગે 'ચેક વિતરણ કાર્યક્રમ' ગુજરાત રાજયના પાણી પુરવઠા જળ સંપત્તિ, મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલના વરદહસ્તે તેમજ સુરત મહાનગરપાલિકાના મા. મેયર ડો. કનુભાઈ માવાણીના પ્રમુખપદે શનિવાર, તા. ૩–૩–૨૦૦૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના 'સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ'માં યોજવામાં આવેલ હતો.

જે પ્રસંગે મા. કમિશનરશ્રી પંકજ જોષીએ આવકાર પ્રવચન આપતા જણાવ્યું હતું કે, યુ.સી.ડી. વિભાગ ધ્વારા સંચાલિત એસ.જે.એસ.આર.વાય. યોજના અંતર્ગત શહેરી ગરીબ પરીવારોને નાનો ધંધો રોજગાર કરવા લોન અપાવવાની કામગીરી કરવામાં આવે છે જે ખુબ ઉમદા છે. આ યોજના હેઠળ બેંક ઓફ બરોડા નવયુગ શાખા ધ્વારા ૪૬ અરજીઓ, સૈયદપુરા ધ્વારા ૪૧ અરજીઓ મંજૂર કરવા બદલ અભિનંદન આપી જણાવ્યું હતું કે, જે બેંક મેનેજરશ્રીઓએ લોન અરજીઓ પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી આવી મોટી સંખ્યામાં ઝડપી લોન મંજુર કરી શહેરી ગરીબ પરીવારોને સ્વનિર્ભર બનાવવામાં મદદરૂપ થયા તે બદલ આભાર વ્યકત કરતા જણાવ્યુ હતું કે, હજી પણ હકારાત્મક વલણ અપનાવે તો સુરત શહેરના એક લાખ જેટલા સ્લમ કુટુંબોને સ્વનિર્ભર બનાવી શકાય અને સરકારી ભંડોળનો સાચી દિશામાં ઉપયોગ થઈ શકે. વધુમાં વિભાગના સામાજસંગઠક શ્રી રમેશભાઈ પટેલે વિવિધ બેંકો સાથે સંકલન કરી ૧૦૫ અરજીઓ મંજુર કરવા બદલ ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

યુ.સી.ડી. ખાતાના વિભાગીય વડા અને આસી. કમિશનરશ્રી સી. વાય. ભટ્ટએ જણાવ્યુ કે, સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી ૧૧ યોજનાઓની કામગીરી અત્રે કરવામાં આવે છે. જે પૈકી સ્વરોજગાર ધંધો/તાલીમ અને બચતને આવરી લીધી, એસ.જે.એસ.આર.વાય. યોજના ઘણી મહત્વની અને અગત્યની છે. આ યોજના અંતર્ગત શહેરી ગરીબ પરીવારોની માથાદીઠ માસિક આવક રૂા. ૫૦૧.૧૪ પૈસા, તેમજ લાભાર્થી જે તે શહેરમાં ત્રણ વર્ષથી રહેતા હોય, જેનો અભ્યાસ અભણથી વધુમાં વધુ ધોરણ ૯ સુધીનો હોય તેવા કુટુંબની વ્યકિતઓ માટે ૩ વિભાગમાં લાભ મળી રહે તે મુજબની માર્ગદર્શિકા નકકી કરવામાં આવી છે. જે વિગતો સહિત સમગ્ર યોજનાની માહિતી તથા તેના હેતુ અને મળતા લાભો વિગેરે જણાવી તે યોજના અંતર્ગત હાલમાં ૩૬૬ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ અરજદારોને કુલ રૂા. ૨૯.૪૧ લાખની લોન મંજુર કરવામાં આવી છે. જેની સામે સબસીડી સ્વરૂપે રૂા. ૧૦.૫૭ લાખની સબસીડી ચૂકવવામાં આવશે.

લિડ ડિસ્ટ્રીકટ મેનેજરશ્રી ભગવતીભાઈ પટેલએ સમારંભમાં બોલતા જણાવ્યુ કે, સુરતના વિનાશક પુરની પરિસ્થિતિ બાદ પુનઃવસનમાં શહેરી ગરીબ પરીવારોને મદદરૂપ થવા લોન અરજીઓનો ઝડપથી નિકાલ કરી સહકાર આપવા બેંક શાખાઓનો આભાર વ્યકત કરતા જણાવ્યુ કે આ યોજનામાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ અને યુ.સી.ડી. પ્રેરિત મહિલા મંડળોની બહેનો લોનની રીકવરીમાં સ્વૈચ્છિક રીતે ખુબ જ મદદરૂપ થાય છે. જે ખુબ જ અભિનંદનને પાત્ર છે.

મા. મેયરશ્રીએ પ્રમુખપદેથી સંબોધન કરતા જણાવ્યું કે, છેવાડાના માનવીને આપેલી લોનએ મંદિરમાં ધરાવેલ પ્રસાદ સમાન છે અને આવી ૫ થી ૧૦ હજારની લોન લેનારાઓની બાકી લેણું તો કદી ના નીકળે. જેથી ગરીબ પરીવારોના સભ્યોને લોન સહાય આપવા ધકકા ન ખવડાવતા કાર્યવાહીનું સરળીકરણ કરી એક વખતે જ સત્વરે લોન પાસ કરવા જણાવ્યુ હતું. વધુમાં જણાવ્યું કે બહેનોને આપવામાં આવેલ ધંધા માટેની લોનમાંથી થતી આવકનો ઉપયોગ તેમના બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે થશે તો જ લોનનો હેતુ સફળ થયો ગણાશે.

સમારંભના મુખ્ય મહેમાન મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે નાના રોજગારના લોન લેનારાઓને ચેકોનું વિતરણ કર્યુ તેમજ સૌથી વધુ લોન અરજી મંજુર કરનાર બેંક ઓફ બરોડા, નવયુગ અને સૈયદપુરા શાખાના મેનેજરશ્રી અનુક્રમે શ્રી બી. આર. પટેલ અને શ્રી એસ. એચ. અરોરા તેમજ સૌથી વધુ લોન મંજુર કરાવનાર સમાજસંગઠક શ્રી રમેશભાઈ પટેલનું મોમેન્ટો ધ્વારા સન્માન કરી તેમની કામગીરીને બિરદાવી હતી અને વધુમાં જણાવ્યું કે, ૧૫૦૦ના વાર્ષિક લક્ષ્યાંક સામે ૩૬૬ અરજીઓ મંજુર કરવામાં આવી તે ઘણી ઓછી છે, જો ૧૫૦૦ અરજીઓ મંજુર કરીને આ સમારંભ રાખ્યો હોત, તો મને વધુ આનંદ થતે. હજી પણ ૩૧મી માર્ચ સુધીમાં બેંક મેનેજરશ્રી ધ્વારા ૧૫૦૦નો લક્ષ્યાંક સિધ્ધ કરાય તેવી અનુકૂળતા થવા વિનંતી કરી હતી.

અંતમાં સમાજ કલ્યાણ, આંનદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત રહેલ મહાનુભાવો, અધિકારીગણ, લાભાર્થીઓ તેમજ કર્મચારીઓનો આભાર વ્યકત કરી યોજનામાં થયેલ સારી કામગીરી અગાઉ પણ કરવામાં આવશે એવી આશા વ્યકત કરી આભારવિધિ કરી હતી.

TOP

## તા.૫–૩–૨૦૦૭ના રોજ કતારગામ અને વરાછા વિસ્તારમાં સ્વીમીંગપુલની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ તેમજ વરાછા ઝોન વિસ્તારમાં સ્વીમીંગપુલની ખાતમુહૂર્તવિધિ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૦૫–૦૩–૨૦૦૭નાં રોજ સંપન્ન થયેલ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાથમિક માળખાગત સુવિધાઓ ઉભી કરવા સાથે અન્ય સુવિધાઓ જેવી કે માધ્યમિક શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આનંદ અને પ્રમોદ મનોરંજનના ક્ષેત્રે સામાન્ય પ્રજાની વિશેષ અભિરૂચી થાય અને આ સવલતનો લાભ મહત્તમ પ્રજા લે અને આ ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુરત શહેરનું નામ ઉજજવળ કરશે તો આ સુવિધાઓ સાર્થક ગણાશે. મહાનગરપાલિકા પ્રાથમિક તેમજ અન્ય સવલતો સમગ્ર પ્રજાજનને ઉપલબ્ધ બને તે માટે કટીબધ્ધ છે. શહેરમાં હાલ ૮ તરણકુંડો કાર્યરત છે. જેનો તરુણવયના નાગરિકોથી માંડી વરિષ્ઠ નાગરિકો મહત્તમ લાભ લે છે. કતારગામ સીંગણપોર ખાતે રૂા.૨ કરોડ ૬૭ લાખના ખર્ચે તરણકુંડનું આયોજન લગભગ ૧ વર્ષમાં પૂર્ણ થાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. આ તરણકુંડમાં અન્ય સવલતો જેવી કે પાર્કીંગ, લોકર રૂમ, ચેન્જ રૂમ, સ્ટોર રૂમ તથા ટોયલેટની સુવિધાઓ ઉપલબ્ધ થશે. વરાછા રોડ ખાતે લગભગ રૂા.૨ કરોડ ૭૮ લાખના ખર્ચે લગભગ ૧ વર્ષની મુદતમાં આ તરણકુંડની સુવિધા પ્રાપ્ત થશે. જેમાં અન્ય આનુસાંગીક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ વિસ્તારના નાગરિકો આ સુવિધાઓનો મહત્તમ લાભ લેશે તો મહાનગરપાલિકાની કામગીરી સાર્થક ગણાશે.



સ્વાગત પ્રવચન કરતા શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકાના દરેક વિસ્તારોનો સમતોલ વિકાસ થાય તેવી નેમ છે. છેલ્લાં પાંચ વર્ષમાં શહેરનો વિકાસ કેમ કરવો તથા વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરવા અંગે આગામી બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં હાલ ૮ તરણકુંડો કાર્યરત છે. ઓલમ્પિક કક્ષાના તરણકુંડોનું મહાનગરપાલિકા ધ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. પ્રજાને વિવિધ પ્રકલ્પો થકી આનંદ પ્રમોદ અને મનોરંજન મળે તથા જાહેર સુખાકારી જળવાય રહે તે માટે સુરત મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે.

સમારંભના પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતા મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના અથાગ પ્રયત્નોથી સુરત શહેર સમરસ વિકાસમાં આગેકુચ કરી રહેલ છે. જાહેર પ્રજાના આરોગ્ય તથા વિવિધ સુવિધા માટે જુદા જુદા પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં અમરોલી વિસ્તારના નાગરિકોની ટ્રાફીકની સમસ્યા હલ કરવા માટે અન્ય નવા પુલનું ખાતમુહુર્તવિધિ હાથ ધરવામાં આવનાર છે. વિદ્યાર્થી તથા સામાન્યજન માટે વિવિધ વાંચનાલયો, મેડીકલ કોલેજ, હોસ્પિટલો, વગેરેનું આયોજન કરી કાર્યરત કરેલ છે. દેશના નકશા પર સુરતનું સ્થાન દરેક ક્ષેત્રમાં પ્રથમ ક્રમે આવે તે માટે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે. પ્રકલ્પોના નિર્માણ સાથે તેની ગુણવત્તા સર્વશ્રેષ્ઠ રહે તે માટે કોન્ટ્રાકટરોને અપીલ કરેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર જનતાની પરિવહન સુવિધા માટે સી. એન. જી. બસ વગેરે માટે ટુંક સમયમાં આયોજન કરવા કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકા શહેરના દરેક ક્ષેત્રમાં જાહેર જનતાને સર્વસુવિધા મળે તે માટે કામગીરી કરી રહેલ છે.

આભારવિધિ સભ્યશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કરી હતી. આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નિતિનભાઈ ઠાકર (ભજીયાવાલા), વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

TOP

# તા. ૬ થી ૮–૩–૨૦૦૭ દરમ્યાન મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

તા.૬.૩.૨૦૦૭ થી તા.૮.૩.૨૦૦૭, દિન–૩ ની મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા. ૬–૩–૨૦૦૭ના રોજ સવારે ૮.૦૦ કલાકે મા.મેયર ડો. કનુભાઈ માવાણીએ ટોસ ઉછાળી ક્રિકેટ મેચનો શુભારંભ કરાવ્યો હતો.

પ્રથમ મેચમાં પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ નિર્ધારિત ૨૫ ઓવરમાં ૮ વિકેટે ૧૬૩ રન કર્યા હતા. જેમાં રિતેશ પટેલે–૫૮ રન, નિર્ભય કાપડીયાએ–૨૨ રન મુખ્ય રહયા હતા. બોલીંગમાં સુરત મહાનગરપાલિકા રીપોટર્સ ટીમ વતી જયેશ કાપડીયા–૨૧ રનમાં ૪ વિકેટ, વિપુલ પટેલે–૩૬ રનમાં ૩ વિકેટ ઝડપી હતી. જેના જવાબમાં મનપા પ્રેસ રીપોટર્સ ટીમે ૨૪.૧ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૧૬૪ રન કર્યા હતા. અને પ્રેસ ફોટોગ્રાફર ટીમ સામે વિજય મેળવ્યો હતો. જેમાં જયેશ બ્રહમ ભટ્ટના ૪૨ રન, વિપુલ નવસારીવાલાના ૪૯ રન મુખ્ય હતા. પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમ વતી કનૈયાલાલ પાનવાલાએ ૧૯ રનમાં ૩ વિકેટ ઝડપી હતી.



બીજી મેચ મેયર્સ ટીમ વર્સિસ પ્રેસ ટીમ વચ્ચે રમાઈ હતી. પ્રેસ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ નિર્ધારિત ૨૫ ઓવરમાં ૮ વિકેટે ૧૯૭ રન કર્યા હતા. જેમાં સંજય વૈરાગી–૮૬ રન, વિનોદ જૈન–૫૦ રન મુખ્ય હતા. મેયર્સ ટીમ વતી યશોધર દેસાઈએ ૩૮/૨, મનોજ લોટવાળાએ ૨૫/૧, શૈલેષ જરીવાળાએ ૨૯/૧ વિકેટો ઝડપી હતી.પ્રેસ ટીમ વર્સિસ મેયર્સ ટીમે નિર્ધારિત ૨૫ ઓવરમાં ૯ વિકેટે ૧૩૮ રન કર્યા હતા. મેયર્સ ટીમ વતી મનોજ લોટવાલા–૩૭ રન, પ્રવિણભાઈ પટેલના ૩૬ રન મુખ્ય હતા. પ્રેસ ટીમ વતી કૌશલભાઈએ ૩૬/૨ વિકેટ, રાકેશ ઢીમરે ૨૩/૨ વિકેટ ઝડપી હતી. જેમાં પ્રેસ ટીમનો ૫૯ રને વિજય થયો હતો.

તા. ૭–૩–૨૦૦૭ના રોજ કમિશ્નર ટીમે ટોસ જીતી પ્રેસ રીપોટર ટીમને બેટીંગ કરવા આમંત્રણ આપ્યું હતું. પ્રેસ રીપોટર ટીમે ૨૩.૧ ઓવરમાં ૯૩ રને ઓલ આઉટ થઈ હતી. જેમાં મહેન્દ્ર સીસોદીયા અને જયેશ બ્રહમભટ્ટે ૨૧–૨૧ રન બનાવ્યા હતા. બોલીંગમાં સુરત મહાનગરપાલિકા કમિશ્નર વતી સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલે ૨૩ રનમાં ૪ વિકેટ, જકાત અમલદારશ્રી જતીનભાઈએ ૨૩ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. તેમજ કમિશ્નર ટીમના ખેલાડીઓએ ચુસ્ત ફીલ્ડીંગ ગોઠવી પ્રેસ રીપોટરોને મોટો સ્કોર કરતા અટકાવ્યા હતા અને હીરાભાઈ પટેલે–૨ ખેલાડીને અને જતીનભાઈએ ૧ ખેલાડીને રન આઉટ કરાવ્યા હતા. મનપા કમિશ્નર ટીમે ૧૯.૫ ઓવરમાં ૫ વિકેટના ભોગે ૯૭ રન કરી પ્રેસ રીપોટર્સ ટીમ સામે ૫ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. જેમાં સીટી ઈજનેરશ્રી વી. ડી. પટેલે–૧૯, સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલે–૧૫ અને ધનસુખ પટેલ–૧૯ રન બનાવ્યા હતા. પ્રેસ રીપોટર્સ ટીમ વતી જયેશ બ્રહમભટ્ટ અને વિપુલ નવસારીવાલાએ ૨–૨ વિકેટ ઝડપી હતી.

મેચમાં ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, કમિશ્નરશ્રી પંકજભાઈ જોષી, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, ડે.કમિશ્નરશ્રી(સ્પે.) પ્રદીપસિંહ ઝાલા, ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જીવણભાઈ પટેલ, એડીશનલ સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ, આસીસટન્ટ કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના હોદ્દેદારો તથા મહાનુભાવોએ ઉત્સાહ પૂર્વક હાજર રહી ક્રિકેટરોનો ઉત્સાહ વધાર્યો હતો.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૭–૩–૨૦૦૭ના રોજ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કાર્યક્રમ

નિર્મળ ગુજરાત–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. તા. ૭–૩–૨૦૦૭ના રોજ ઝોનના વડા ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને નવા સમાવેશ અમરોલી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો ધ્વારા નવો સમાવેશ અમરોલીમાં અમરોલી ચાર રસ્તા સર્કલ થી મિલેનીયમ એપા., માન સરોવર સર્કલ થી જુના કોસાડ રોડ, રેલ્વે ગરનાળા રોડ, ગણેશપુરા ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાડી પુલનો વિસ્તાર, ગણેશપુરા પોલીસની આજુબાજુના ખુલ્લા પ્લોટ સહિત, અમરોલી ગામતળ તેમજ આજુબાજુની સોસાયટી, કોલેજ રોડ, છાપરાભાઠા રોડ, પ્રમુખદર્શન સોસા. તેમજ પુલના નજીક વણઝારાવાસ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહિત સફાઈ કામગીરી કરવામાં આવેલ. સાથે આરોગ્ય વિષયક લોકજાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ. તેમજ ફાઈલેરીયા/મેલેરીયા વિભાગ ધ્વારા મેલેરીયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડેમોસ્ટ્રેશન ધ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ છે.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સ કરનાર શખ્સોને આપેલી નોટીસ–૧૦૮, વહીવટી પરચુરણ ખર્ચ પેટે રૂા. ૪,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ખાણીપીણીની લારી/હોટલ કુલ–૫૨(બાવન) ચેક કરી તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલી/માવાના કાગળો આઠ કિ.ગ્રા. જપ્ત કર્યા, જંતુનાશક દવાનો છંટકાવ ચુનો–૭૦૦ કિ.ગ્રા., મેલેથીઓન–૧૭૫ કિ.ગ્રા. ડી.ડી.વી.પી. ૨.૫ લીટર કર્યો તેમજ મહાવીરનગર વિ–૨ નાં ગેટ પાસે ઓપન ડ્રેનેજ ચોકીંગ દુરસ્ત કરેલ છે.

આ ઝુંબશમાં શ્રમદાન કરેલ તે જોઈને સ્થાનિક નાગરિકો પણ સ્વયં અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ કરવામાં સહકાર આપેલ છે.

TOP

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૭–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં.૨૪ (નાનપુરા–ટીમલીયાવાડ–રૂદરપુરા) વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન

ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત–૨૦૦૭ની ઉજવણીના સંદર્ભમાં સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન ધ્વારા તા. ૭–૩–૨૦૦૭ને બુધવારના રોજ " નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત " ના કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ અભિયાનનું આયોજન સ્થાનિક કાર્યકર શ્રી અફઝલભાઈ રંગુનીના સહયોગથી નાનપુરા ખંડેરાવપુરા, કાદરશાની નાળ, વ્હાઈટ હાઉસ રોડ વિગેરે વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અફઝલભાઈ રંગુનીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. કોર્પોરેટરશ્રી કનુભાઈ પટેલ, વીણાબેન નાણાવટી, માજી. કોર્પોરેટરશ્રી રાજુભાઈ ગોદીવાલા, ચંદ્રવદન સુકાની, બીનાબેન બ્રહમા તથા સામાજીક કાર્યકર શ્રી ભરતભાઈ નવસારીવાલા તેમજ આસી. આરોગ્ય અધિકારી ડો. પી. એચ. ઉમરીગર વિગેરેએ પ્રાસંગીક પ્રવચનોમાં સુરત શહેરને નિર્મળ બનાવવામાં સહયોગ આપવા લોકોને અપીલ કરી હતી. આ પ્રસંગે શિક્ષણ સમિતિ સભ્યશ્રી રાકેશભાઈ શાહ તેમજ સામાજીક અગ્રણીઓ શ્રી ધનેશભાઈ રાંદેરી, મેરૂભાઈ રાણા, ભૂપેન્દ્રભાઈ ચપટવાલા અને સ્થાનિક લોકો તેમજ આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ગાયત્રીબેન જરીવાલા, મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી જે. જે. વરીયાવા, બી. ટી. દેસાઈ, ડી. ટી. મેહતા વિગેરે ઉપસ્થિત રહયા હતા અને ઉપસ્થિત રહેલ તમામ અગ્રણી, અધિકારી ધ્વારા સમગ્ર શહેરને નિર્મળ બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.



ત્યારબાદ સમગ્ર ખંડેરાવપુરા, કાદરશાની નાળ, વ્હાઈટ હાઉસ રોડ રૂદરપુરા વિસ્તારમાં ૧૧૫ સફાઈ કામદારો મારફતે ઘનિષ્ઠ સ્ક્રેપીંગ બ્રશીંગની કામગીરી કરવામાં આવી હતી. જે દરમ્યાન ૬૯ ઈસમો/સંસ્થાને ગંદકી કરવા બદલ ચેતવણી આપવામાં આવેલ અને ૨૭ ઈસમોને રૂા. ૧,૫૦૦/– દંડ કરવામાં આવેલ. તે ઉપરાંત મચ્છર ઉત્પતિ અટકાવવા માટે વિસ્તારમાં આવેલ ૫૬ સ્ટ્રોમ લાઈનના જાળિયા સફાઈ કરી એન્ટીલારવલ દવા છંટકાવ કરાવવામાં આવેલ અને ૬૫૦ ઘર સર્વે કરી તમામ ઘરની ઓવરહેડ/અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી ચેક કરી તેમાંથી કુલ ૧૦ જેટલા મચ્છર ઉત્પતિ સ્થાન શોધી કાઢી તેનો નાશ કરાવવામાં આવ્યો હતો.

TOP

## માહે ફેબ્રુઆરી–૨૦૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ફેબ્રુઆરી માસ દરમ્યાન ૧૦૬૩૪ ઈન્ડોર તથા ૩૩૫૮૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૧૨ તથા ૫૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૩૨૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૬૧ અને જુના ૫૧૩ દર્દીઓ સહીત કુલ ૭૭૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૮૬૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૩૦૨ તથા આંખ વિભાગમાં ૨૬૪૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૮૧૧૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમવર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.



TOP

## તા. ૬ થી ૮–૩–૨૦૦૭ દરમ્યાન મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કમિશનરશ્રી ટીમ ચેમ્પીયન તથા પત્રકાર સંઘ ટીમ રનર્સ અપ

**જયેશ બ્રહ્મભટ્ટ, વિનોદ જૈન, હીરાભાઈ પટેલ, સંજય વૈરાગી, કનૈયા પાનવાલા તથા મનોજ લોટવાલા શ્રેષ્ઠ ખેલાડીઓ**



તા.૬.૩.૨૦૦૭ થી તા.૮.૩.૨૦૦૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ. તા.૮.૩.૨૦૦૭ ના રોજ ફાયનલ મેચ સવારે ૮.૦૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ટીમ અને કમિશનરશ્રીની ટીમ વચ્ચે યોજાઈ હતી. ડે.મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલે ટોસ ઉછાળી મેચનો શુભારંભ કરાવ્યો હતો.

આ મેચમાં કમિશનરશ્રીની ટીમે ટોસ જીતી પત્રકાર સંઘ ટીમ પ્રથમ બેટીંગ આપ્યું હતું. પત્રકાર સંઘ ટીમ ૨૩.૩ ઓવરમાં ૧૦૭ રને ઓલ આઉટ થઈ હતી. જેમાં વિનોદ જૈન–૪૨ રન, સાહિલ મોદી–૧૨ રન પરિમલ ચાસિયા–૧૧ રન મુખ્ય હતા. બોલીંગમાં સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમ વતી સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલે ૧૪ રનમાં ૪ વિકેટ, જકાત અમલદારશ્રી જતીનભાઈએ ૩૨ રનમાં ૧ તેમજ યોગેશ પટેલે ૨૨ રનમાં ૨ વિકેટ લીધી હતી. મનપા કમિશનર ટીમે ૨૩.૨ ઓવરમાં ૨ વિકેટના ભોગે ૧૦૮ રન કરી ૮ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. જકાતઅમલદારશ્રી જતિન દેસાઈ–૩૮ રન(અણનમ), પર્સનલ ઓફિસર શ્રીબંકિમ આઈ.દેસાઈ ૨૪ રન(રીટાયર્ડ હર્ટ), સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલે ૨૪ રન, મ્યુ.સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલ–૧૦ (અણનમ) રન મુખ્ય હતા. પત્રકાર સંઘ ટીમ વતી રાકેશ ઢીમરે–૧૪ રનમાં એક વિકેટ તેમજ રાજુ આમલીવાલા–૧૬ રનમાં એક વિકેટ ઝડપી હતી.

મેચના અંતે ફાયનલ મેચની વિજેતા કમિશનરશ્રીની ટીમના કેપ્ટન શ્રી હીરાભાઈ પટેલ(મ્યુ.સેક્રેટરી)ને ચેમ્પીયન ટ્રોફી, રનર્સ અપ ટ્રોફી પત્રકાર સંઘ ટીમના કેપ્ટન વતી શ્રી પરિમલ ચાસિયાને એનાયત કરવામાં આવી હતી. જેમાં મેન ઓફ ધ સીરીઝ શ્રી જયેશ બ્રહમભટ્ટ(મનપા રીપોટર્સ ટીમ) અને શ્રી વિનોદ જૈન(પત્રકાર સંઘ ટીમ) ને સંયુકત રીતે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. મેન ઓફ ધ મેચ તરીકે મ્યુ.સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલ(કમિશનર ટીમ), બેસ્ટ બેસ્ટમેન શ્રી સંજય વૈરાગી(પત્રકાર સંઘ ટીમ), બેસ્ટ બોલર શ્રી કનૈયા પાનવાલા(ફોટોગ્રાફર/ચેનલ ટીમ) તેમજ બેસ્ટ ફિલ્ડર શ્રી મનોજ લોટવાલા(મેયર્સ ટીમ) ને મેયરશ્રી તથા મહાનુભાવો તરફથી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર મેયર્સ ટીમના કેપ્ટન શ્રી રાજેશભાઈ દેસાઈ(નેતાશ્રી શાસક પક્ષ), મનપા રીપોર્ટસ ટીમના કેપ્ટનશ્રી ઉપેન કાપડી, પ્રેસ ફોટોગ્રાફર/ચેનલ ટીમના કેપ્ટન વતીશ્રી રિતેશ પટેલને પણ રેપ્લીકા તરીકે ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી.



સ્પર્ધા દરમ્યાન તેમજ ઈનામ વિતરણ પ્રસંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી પંકજ જોષી, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, ડે.કમિશનરશ્રી(સ્પે.) પ્રદીપસિંહ ઝાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી છાયાબેન ભૂવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી જે. એમ. પટેલ, ડે.કમિશનર(પ અને ઈ) શ્રી સી.જે.ગામીત,આસી.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના હોદ્દેદારો તથા મહાનુભાવો હાજર રહયા હતા.

અમ્પાયર તરીકે એસ.ડી.સી.એ.ના કવોલીફાઈડશ્રી એચ.એલ.પટેલ તથા શીતલ ઘાયેલે, કોમેન્ટ્રેટર તરીકે શ્રી પંકજ પાનવાલા તથા સ્કોરર તરીકે નવનીત પટેલે તેમજ જયેશ નાયકે સેવા આપી હતી. ગ્રાઉન્ડ વ્યવસ્થા સેક્રેટરીશ્રી હનીફ પટેલની રાહબરી હેઠળ ગોઠવવામાં આવી હતી. સમગ્ર સમારંભનું સંચાલન ડે.કમિશનરશ્રી(સ્પે.) પ્રદીપસિંહ ઝાલા અને સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર.ખાનના માર્ગદર્શન હેઠળ જાણીતા ક્રિકેટર/કોચ શ્રી નવનીત પટેલે સંભાળ્યું હતું.

TOP